સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૬૯ / શુમારો : ૧ — કુલ પાના - ૧૬

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مِشْكٰوةُ الْهَادِي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૪ / ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૨

## મુલાકાત – મિટીંગ

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "તે લોગો ખસારામાં નુકસાનમાં ઉતરી ગયા કે જેઓએ અલ્લાહની મુલાકાતને જૂઠી માની. તકઝીબ કરી બેસા. યહાઁ તક કે, અચાનક જે વક્ત યૌમે કેયામત આવો તો મુલાકાતે ખુદાવંદીને ઝુટલાવનાર લોગો કહેવા લાગા કે, અફસોસ ! હમારા ઉપર કે, હમેં આ હકીકતને માનવામાં ઈન્કાર કરી દીધો. યૌમે કેયામત તેઓ પોતાની પીઠો પર ગુનાહોંના વઝનને ઉઠાવશે. ઝરૂર! એ લોગોનું આ મુજબ કરવું ખરાબમાં ખરાબ હશે.

આ જ મુજબના મફહૂમની એક બીજી આયતમાં ઈરશાદે ખુદાવંદી થાય છે કે,"જે લોગોએ તેઓના દીનને હલકું અને રમતબાઝીમાં લઈ લીધું તેઓ વાસ્તે દુનિયાની ઝિંદગી ધોકે-બાઝીની જગા બની ગઈ. તેઓ હમારી આયતોથી ઈન્કાર કરી બેસા કે, જેમાં યૌમે કેયામત મુલાકાતે ખુદાવંદી શામિલ છે. આ દિન હમેં એ લોગોને ભુલી ગયા જે મુજબ તેઓ હમારી મુલાકાતને ભુલી ગયા.

**બરકાતે હુસૈનીયત સાથે સાલે નૌ મુબારક**

**હિ. ૧૪૪૪ નું નવું વરસ કારેઈનને મુબારક થાય. હર સાલના ઈબ્તેદામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) હમ મુમેનીનને હક્કપરસ્તી અને ફિદાગીરીનો પૈગામ આપે છે. કૌમો મિલ્લતની ખિદમત કરવી અને તેને આફતો વબાથી બચાવવી હર જવાનની ઝિમ્મેદારી છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની હિદાયત અને દોઆથી અલ્લાહતઆલા હમને આ સાલ વબા-મરઝથી મહેફૂઝ રાખે અને રોઝીની તંગદસ્તીને દૂર કરે અને અહલે વલામાં દિલશાદી અને આબાદીનો સૂરજ તુલૂઅ કરે. આમીન.**

મુલાકાતે ખુદાવંદીની ઝિક્ર કરનારી કુરઆને કરીમમાં ઘણી આયાતે શરીફહ મૌજૂદ છે. જેમાંથી ચંદ બયાન આ મુજબ છે કે, "જે લોગોએ હમારી આયતોને ઠુકરાવી દીધી અને આખેરતમાં હમારી મુલાકાત ને જૂઠ કહેવા લાગા તો તે તમામના આઅમાલ પડી ગયા. તો શું તેઓને એવા ખરાબ અમલનો બદલો આપવામાં નહીં આવે ?" "તેમાં કોઈ જ શક નથી કે, જે લોગો હમારી મુલાકાતની ઉમ્મીદ નથી રાખતા અને દુનિયાવી ઝિંદગીથી રાઝી રહે છે અને તેનાથી મુત્મઈન રહીને બેસી રહે છે, તો તેઓની આ અફસોસનાક હાલતના સબબ **તેઓનું ઠેકાણું જહન્નમ છે."**

ગૌર કરવા લાઈક યહાઁ પર એ ચીઝ છે કે, મુમિનની એક ખાસીયત એ પણ છે કે, તેઓ પોતાના રબની મુલાકાત, ઈમામ-દાઈની મુલાકાતના તલબગાર અને ખ્વાસ્તગાર હોય છે. આ દુનિયામાંથી તેઓ ઈન્તેકાલ કરે છે તો પહેલામાં પહેલા તેઓની ઉમ્મીદ તેઓના હક્ક અને ઈમાનના સાહેબની મુલાકાતની હોય છે. વલાયત, મોહબ્બત અને મવદ્દતના સબબ જ મુલાકાત ફાયદાકુન અને ફાયદામંદ સાબિત થાય છે. જો રઝામંદીને મુલાકાતમાંથી કાઢી નાંખવામાં આવે તો તેનો મકસદ અને માઅના મરી પરવડે છે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ઝઘડો કરવાથી..... દીનની તાઝગી ચાલી જાય છે.**

(પેજ નં. ૧ નું બાકી)

રસૂલુલ્લાહ બાવાજી આપની હદીસે નબવીમાં ફરમાવે છે કે, **"મુમેનીન આપસમાં મુલાકાત કરે તો આઁખોની રોશની વધે છે અને દિલનું ઇમાન તાઝા થાય છે. શકને મારવાનો અને નવી ઉમ્મીદ જગાવવાનો એક જ ઇલાજ છે કે, તમેં મુલાકાત કરતા રહો."** મૌલાના અલી અમીરુલ મુમેનીન આપના કલામે મુનીરમાં ફરમાવે છે કે, "જહાઁ તક તમેં મુલાકાત કરતા રહેશો, વહાઁ તક મોહબ્બત બાકી રહેશે. મુલાકાત કરવાથી દિલોનું જોડાણ થાય છે અને તનાવ-કડવાશ દૂર થાય છે."

મૌ.ઈમામ હુસૈન (અ.સ.)ની આદતે શરીફહ હતી કે, આપ હર મઝહબના લોગોની ઝિંદાદિલીથી, ખુશમિજાજીથી અને હસતા ચહેરે મુલાકાત કરતા હતા,ઈઝઝત બખ્શતા હતા, ઈત્મિનાનથી પૂરી વાત સાંભલતા હતા અને એ શખ્સને કરારે દિલ પહોંચે વહાઁ તક મુલાકાત કરતા હતા. આપ ફરમાવતા હતા કે, "આ દુનિયા તો ફરારનું ઘર છે. જાવા-આવવાનું ઠેકાણું છે. લોગો દુનિયાના ફાયદા વાસ્તે એકબીજાને મિલે છે અને આ ફાયદો તો ઘણો જ ટુંકો, ઓછો અને ફના થાનારો છે. અય મુમેનીન! તમેં એવા ફાયદાની કોશિશ કરો જે હંમેશાનો હોય. **એવા સાહેબ સાથે મિલો કે, જેની હિદાયત સાથે તમારી કોશિશ જોડાયેલી હોય અને એ સાહેબ હમેં છે.** હમારી મુલાકાત આ ઝમીન પરની તમને આખેરતમાં તમારા રબ સાથે મિલાવી આપશે. જે શખ્સ આ દુનિયામાં હમારી સોહબત, હમારા દીદાર, હમારી મુલાકાત, હમારી હિદાયત, હમારી ઈમામત નો ઉમ્મીદવાર થયો, એ બેશક અલ્લાહ, તેના ફરિશ્તા, તેના રસૂલનો આખેરતમાં મુલાકાત વાસ્તે ઉમ્મીદવાર થાશે. એ અલ્લાહની નિશાનીઓ-આયતોમાં ઈમાન લાવશે કે, જેમાં એની મૌત અને યૌમે કેયામત શામિલ છે. આ તે આયતો છે કે, જેમાં એ ચાહશે તેની મુલાકાત હમારૂં ઈમાન રાખવાના સબબ કરી શકશે. એ શખ્સ હમારી ઈમામતનો શાહિદ અય દુનિયામાં બનશે તો **હમેં યૌમે કેયામત એના આઅમાલના શાહિદ બનીશું, એની મુલાકાત કરીશું અને એની શફાઅતના ઝામિન બનીશું."**

અહલુલ બૈત (અ.સ.) ના ઝરીએ હમેં "મુલાકાત" ના મફહૂમને મઝહબે ઈસ્લામ અને દાએરએ ઈમાનના ઢાંચામાં સમઝી શકીએ છીએ. મુલાકાતે રબ અને દીદારે ખુદાવંદીનો આ જ તરીકો હમારા વાસ્તે આઅલા અને બહેતર છે. મગર દુનિયાના વહેવાર-મુઆમેલાત તરફ નઝર કરીએ તો લોગો જે તરહ મુલાકાત કરે છે, તેના મુખ્તલિફ રંગ-ઢંગ જોવા મિલે છે. **રૂબરૂ મુલાકાત જેવી બીજી કોઈ મુલાકાત નથી.** આ મુલાકાતમાં ચહેરા અને જિસ્મના હાવભાવ, હરકત, તઅસ્સુરાત અને ઈન્કારો-ઈકરાર જોવા મિલે છે. નઝર થી નઝર મિલાવીને થયેલી મુલાકાતની નઝાકત, તેના નતીજા અને અસર લંબા વક્ત સુધી રહે છે અને તેની યાદો હંમેશા બાકી રહે છે. આ જ સબબ છે કે, હમારા બુઝૂર્ગો રૂબરૂ મુલાકાત કરવા પર જ ઝોર આપતા હતા કે, જેમાં આઁખોની શરમ-હયાનો લેહાઝ રખાતો હતો.

હાલના વક્તની ઝિક્ર કરીએ તો કોરોનાની વબાથી થયેલી બદહાલી અને ખાનાખરાબીના મંઝરો હમારી આઁખો સામે છવાઈ જાય છે. વબાનો તે હૌલનાક વક્ત દિલો-દિમાગની ઝમીન પરથી ભુસાઈ શકે એમ નથી. આ વબાએ મુલાકાત-મિટીંગની તસ્વીરને જ બદલી નાંખી છે. લોગોને ઘરોમાં રહેવાની આદત પાડી દીધી છે. મોબાઈલ કે લેપ-ટોપની સ્ક્રીન પર નિગાહોને કૈદ કરી દીધી છે. મુલાકાતથી-મિલવાથી પરહૈઝ કરવું તે લોગોને ઝિયાદહ પસંદ આવી રહ્યું છે. રૂબરૂ જાવાથી યા મિલવાથી વક્ત ઝાયેઅ થાય છે, એવું લોગો માનવા લાગી ગયા છે. મગર, પૈસા બચાવવાના ચક્કરમાં ઝિયાદહ કમાવવાની ફિરાકીમાં, ઘરમાં બેસીને રોઝની ઘરની ઝરૂરી ચીઝો મોબાઈલ પર મંગાવવાની આદતમાં, લોગોને માલી ફાયદો તો થઈ રહ્યો છે, **પણ ઇન્સાન ઝહેની-સમાજી તૌરથી તૂટી રહ્યો છે.** બધી જ ચીઝ મોબાઈલના ઝરીએ આસાનીથી મિલી જાવાના સબબ જિસ્મથી એ ખોખલો થઈ રહ્યો છે.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**ઝઘડો કરવાથી..... દીન મિટી જાય છે.**

(પેજ નં. ૨ નું બાકી)

ઓનલાઈન મિટીંગનો ઝમાનો આ હમેં જોઈ રહ્યા છે. તરહ-તરહના આસાન તરીકા, એપ, સાધનો, વેબસાઈટ અને કંપનીઓએ આ કામ ઝિયાદહ આસાન કરી દીધું છે. ઝૂમ, ગુગલ મીટ યા એમ-ટીમ જેવા એપ પર આજે સેંકડો લોગો ઓનલાઈન મિટીંગ, ડીસ્કશન, સેમીનાર, પ્રેઝન્ટેશન, પ્રોડક્ટ લોંચ કરી રહ્યા છે. એક હદ તક આ ઝરૂરી પણ છે અને હર તરહથી ફાયદામંદ પણ છે. દુનિયાની અલગ-અલગ જગાઓ પરથી એક જ વક્ત પર, એક જ મકસદ વાસ્તે લોગો જમાઅ થઈ શકે છે. મગર તે મુલાકાત કે જેમાં **ઈબાદત, ઈમાન, મોહબ્બત, જઝ્બાત, શરમ, નઝર, દીદાર, ઈકરાર અને જાનો દિલ પર અસર** છોડવાનો તકાઝો હોય તો તેમાં ઓનલાઈન મિટીંગની કોઈ જ ગુંજાઈશ રહેતી નથી. આમાં દુનિયાવી ફાયદો અને પૈસાની લેવડ-દેવડ હોતી નથી.

કોવિડ આવા બાદ સ્ક્રીન મુલાકાતનો દૌરદોરો ચાલી રહ્યો છે. કોઈ ચીઝને આગલ વધારવા, નતીજો લાવવા, બહેસ કરવા વાસ્તે એક મુકર્રર વક્ત પર ઘણા લોગો સ્ક્રીન પર મિટીંગ કરી રહ્યા છે. મિટીંગને તય કરનાર અને તેને ચાલું કરનાર એક હોય અને આપેલા વક્ત પર તેમાં શરીક થાનાર ઘણા હોય. મિટીંગ ચાલુ કરનાર તમામ પર નિગાહ રાખી શકે છે યા કોઈ ગૈરને મિટીંગમાંથી નિકાલી પણ શકે છે. યાઅની એવી મુલાકાત મુમ્કિન છે કે, જેમાં શખ્સની હાઝિરી ના હોય, જિસ્માની તૌરથી સામે કોઈ ના બેસું હોય. મગર દુનિયાના કોઈ કોનામાં બેસીને કોઈ પણ એનો ચહેરો બતાવીને યા આવાઝ સંભલાવીને હાઝિરી સાબિત કરી શકે છે. **આ મિટીંગને હમેં ઓનલાઈન યા વર્ચ્યુઅલ મિટીંગનું નામ આપી દીધું છે.**

આ તરહની ચીઝોથી તો હમારો અકીદો સાફ ઝાહીર થાય છે. મુમેનીન શૌક કરે છે કે, એ પોતાના ખુદાની મુલાકાત કરે, પોતાના મુરબ્બીની મુલાકાત કરે. આ મુલાકાત રૂહાની આલમ સાથે તઅલ્લુક રાખે છે. તેમાં કોઈ જિસ્માની બંદિશ-બંધન હોતું નથી. કોઈ શખ્સ જે ઈમાનમાં પુખ્તા હોય, અકીદામાં કામિલ હોય, આઅમાલમાં ચોખ્ખો હોય, નિય્યતમાં સાફ હોય, દાઈયુઝઝમાન (ત.ઉ.શ.)ના ઝરીએ ઈમામુઝઝમાન (અ.સ.) સાથેનો રાબેતો એનો બરકરાર હોય, તો આઅલા નૂરાની હસ્તીઓ સાથે રૂહાની મુલાકાત બિલાશક મુમ્કિન થઈ જાય છે. આ રૂહાની મુલાકાત અને ઈમાની રાબેતાને કોઈ મકાન, ઝમાન, વક્ત કે આલાતની ઝરૂરત હોતી નથી.

મુમિન વાસ્તે એની મૌત ખુશીનો પૈગામ લઈને આવે છે. કેમ કે, મૌતના એક દરવાઝામાંથી એના વાસ્તે રૂહાની મુલાકાતના હઝારો દરવાઝા ખુલી જાય છે. જિસ્માની રૂકાવટો ખત્મ થઈ જાય છે. એની નફસ-જાન એના આઅમાલ સાથે મિલીને **એક પાકીઝા રૂહ બની જાય છે અને ઈમામુઝઝમાન (અ.સ.) ના ઝુમરામાં ચાલી જાય છે.** આ રૂહ ખુલ્લી ફિઝામાં ગશ્ત લગાવે છે. જે તે જિસ્માની આલમમાં તેના રૂહાની સાહેબો અને હક્કના ઔલિયા સાથે મુલાકાતની ખ્વાહિશ રાખતી હતી, તે હવે આઝાદ છે અને ઈમામની શફાઅત અને રઝામંદી તેના સાથે છે. લેહાઝા, તે ચાહે એના સાથે મુલાકાતથી ફૈઝયાબ થઈ શકે છે.

**"લા હૌલા વલા કૂવતા"** ના મઝહરના માલિક ઈમામુઝઝમાન (અ.સ.) ની કૂવતો આપની નૂરાની હસ્તીમાં જમાઅ છે. હર મુમિનમાં આપના જલ્વા અને ઈમામતનું નૂર દાખિલ છે. આપ કુલ મુખ્તાર છે કે, કોઈના સાથે પણ આપ ઈત્તેસાલ કરી શકે છે, કનેક્ટ થઈ શકે છે. ઓનલાઈન મિટીંગ હમારા વાસ્તે તે વાત સાફ કરે છે કે, ઈમામે હક્ક રૂહાની મિટીંગના હોસ્ટ બનીને મિટીંગને પ્લાન કરીને તેને એ તરહથી તરતીબ આપે છે કે, આપ હર આપના મુમિનને તેમાં જોડી દે, શામિલ કરી દે, કોઈ પણ જગા પર આપનો મુમિન હોય એને ખબર પહોંચાવી દે. આ તમામને **ફૈઝે રૂહાની અને તાઈદે નૂરાની** પહોંચાવવા આપ પૂરી નુદરત અને કૂવત રાખે છે. આ તરહ ઈમામ સાથેનો મુમિનનો રિશ્તો કાઈમ-દાઈમ છે.

મુમેનીન આખેરતના દિનના મુન્તઝિર હોય છે. હમારા વાસ્તે તે દિન જન્નતમાં દાખિલ થાવાનો દિન છે. તે દિન હમારા બધા જ મકસદો પર મોહર વાગશે. જે સાહેબોના નામોની વિર્દ હમેં હમારી ઝિંદગીમાં કરતા હતા, વસીલા લેતા હતા, નસીહત લેતા હતા, હક્ક માનતા હતા, તે તમામની મુલાકાતની હમને ખુશી હશે. તેઓના ગુલામ-અબ્દ બનીને હમને ખિદમત નસીબ થાશે. આ મુલાકાત વાસ્તે હમનેં આખેરતમાં જાવાનું છે અને જેના સામે દુનિયાવી હર મુલાકાત ફિક્કી અને બેમઝા છે. ✯

**ઝઘડો કરવાથી..... અમલ બાતિલ થઈ જાય છે.**

## દરસે કુરઆને કરીમ

### આયત : ૪૧ અને ૪૨

**આયત ૪૧ :**અને તમેં ઈમાન લાવો તેનું કે જેને મૈં ઉતારૂં. હદ તો તે વાતની છે કે, તમેં તેને સાચું માનો છો, જે તમારા પાસે છે. તમેં આના સબબ પહેલા કાફિર ના બનજો. ના ખરીદો તમેં થોડી કીમતને વાસ્તે મારી આયતોના બદલામાં અને તમેં મારાથી બચતા રહો.

મનમાની, ખુદપસંદી, ઝિદ, ઈન્કાર, આ તમામ ચીઝો કુફ્ર છે. અલ્લાહતઆલા તરફથી નાઝિલશુદા હરએક ચીઝ ફાયદામંદ છે.બહેતરી અને ભલાઈ વાસ્તે છે. કોઈ કહે કે, હું તો તેને જ કુબૂલ કરૂં જે મને પસંદ પડે અને તે ચીઝથી પરહેઝ કરૂં જે મને નાપસંદ હોય,આ તરીકો શરીઅતના કાનૂનને ખિલાફ છે.જે અહકામ-ફરમાન, સહિફાઓ-કિતાબો પહેલેના અંબિયા વાસ્તે નાઝિલ કરવામાં આવા તે પણ અલ્લાહતઆલા તરફથી હતા અને આખિરી નબી રસૂલુલ્લાહ બાવાજી પર જે નાઝિલ કરવામાં આવું તે પણ અલ્લાહ તરફથી જ છે. એહલે ઈસ્લામ તમામ અંબિયા અને એમની કિતાબોમાં ઈમાન લાવે છે. મગર, આ અંબિયાને માનનાર એવી ઘણી કૌમો છે, જેઓ રસૂલુલ્લાહ બાવાજી પર ઈમાન રાખતા નથી. હાલાંકે, તેઓની કિતાબોમાં અલ્લાહતઆલા તરફથી ઈશારાઓ મૌજૂદ છે કે, **આખિરી ઝમાનમાં એક નબી આવશે જેનું દીન હક્ક હશે અને કામિલ હશે.**

આ ખુલ્લી નિશાનીઓ હોવાના બાવુજૂદ, તેઓ કુફ્ર પર આવી ગયા જેમકે, મજૂસી, યહૂદી યા નસ્રાની. આ લોગોના આલિમોએ, મુલ્લાઓએ, પાદરીઓએ પોતાની કૌમથી હક્ક વાતને છુપાવી. તેઓની કિતાબોમાં જે નાઝિલ કરવામાં આવુ હતું તેને તોડી-મરોડીને પૈશ કીધું. કૌમ પર પોતાની હુકમરાની-સરદારી બરકરાર રહે તે વાસ્તે લોગોમાં એવી વાત પૈદા ના થાવા દીધી કે, બીજા એક નબી અને એમની ઉમ્મત થાશે જે હક્ક પર હશે અને એ નબી અપના નબી અને કિતાબ તરફ દાઅવત કરતા હશે. રસૂલુલ્લાહ બાવાજી પહેલા અકસર નબીઓની ઉમ્મતોએ કુફ્ર કીધો કે, જે નબીઓ અલ્લાહતઆલાની વહેદાનીયત તરફ જ દાઅવત કરતા હતા,મગર સહી નબીને માનવામાં કુસૂર કરી બેસા.

**આયત ૪૨ :** અને તમેં ના મિલાવો હક્કને બાતિલ સાથે, યાઅની તમેં હક્કને બાતિલનો લિબાસ ના પહેરાવો, હક્કને તમેં છુપાવી ના દો. આ તમામ હકીકતનું તમેં ઈલ્મ રાખો છો કે, હક્ક શું છે અને બાતિલ શું છે.

મુત્તકી શખ્સ તે છે કે, જે હક્કને હક્ક કહે અને બાતિલને બાતિલ કહે. કોઈ વક્ત એ હક્કને ના છુપાવે અને તેને સાબિત કરવા હર મુમ્કિન કોશિશ કરે. એ જાણે છે કે, હક્ક અલ્લાહતઆલા તરફથી છે અને બાતિલ મખ્લૂકની લાઈલ્મી અને બદનિય્યતીના સબબ છે. જેમ અલ્લાહતઆલા કાઈમ-દાઈમ લાફાની છે, **તેમ હક્કને કોઇ ઝવાલ નથી.** બાતિલનો કોઈ ભરોસો હોતો નથી. તેમાં ઈન્સાનના ગરઝ-મત્લબ સાથે ઉતાર-ચઢાવ આવા કરે છે.

અલ્લાહતઆલાએ ઉમ્મતે મોહંમદીયહના હક્કપરસ્ત લોગોને મુત્તકીન લકબ ઈનાયત કીધેલો છે. મુમેનીનની સિફતોમાં,મુત્તકીન લોગોની અફઝલીયત અને બરતરી ઘણી છે. રસૂલુલ્લાહ બાવાજીની નુબૂવત પહેલાની ઉમ્મતોમાં પણ હક્કપરસ્તો અને પરહેઝગાર બંદાઓ થયા છે. મગર,અલ્લાહતઆલાએ તેઓને "મુત્તકી" નહીં પણ "રાહિબ" ના લકબથી મખ્સૂસ કીધા હતા. રાહિબનો દરજો મુત્તકી કરતા ઉતરતો છે. રાહિબ પણ હક્કના આખિરી નબીનો ઈન્તેઝાર કરતા હતા અને બાતિલ સામે ટક્કર લેતા હતા અને હક્કની જ ઈબાદત કરતા હતા.

મુત્તકીનો દરજો બલંદ એના વાસ્તે થયો કે, અલ્લાહતઆલાએ મુત્તકી શખ્સ પર પોતાના ઉપર ઈમાન (બકીયાહ પેજ નં. ૭ પર)

**ઝઘડો કરવાથી..... નિફાક વિરાસતમાં આવે છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૨
## અલવી અકીદાઓ - અકીદો - ૩૯

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

તમારી આ વાત કે, હમારા પાસે હમારા અકીદાઓના બારામાં આજે કોઈ જામેઅ-મુકમ્મલ કિતાબ નથી, તો તેની વજેહ અને સબબ ઘણો સાફ અને વાઝેહ છે. લંબા વક્ત તક આલમે ઈસ્લામમાં હમારા મુખાલિફ લોગોની હુકૂમતો હતી, ઝાલિમ બાદશાહોનો કબ્ઝો હતો. હમારી હક્કાનીયત અને હમારા પાક ઈમામોની નસ અને સિલસિલાને મિટાવવા આ હાકિમોએ હમારા બુઝુર્ગોને તરહ-તરહની મુસીબતો અને શિદ્દતોમાં મુબ્તેલા કીધા. હમારા ઈલાકાઓ અને રેહાઈશો પર હમ્લાઓ થયા, યહાઁ તક કે, હમારી કિતાબો-દોઆઓની હફતીઓ આંચકી લેવામાં આવી, સિલગાવી દેવામાં આવી યા નદીના પાણીમાં વહાવી દેવામાં અવી. **હમને હમારી મસ્જિદોમાં તેઓના મુકર્રર-શુદા ઇમામ પાછલ નમાઝ પઢવા વાસ્તે મજબૂર કરવામાં આવા.** તેઓના ઈબાદતના તરીકા અને આઅમાલના તર્ઝ પર હમને ચાલવા વાસ્તે સખ્તી કરવામાં આવી. લાઝિમી તૌર પર આ તરહના સુલૂક અને રવય્યાના સબબ તે વક્તના મુમેનીનની ઔલાદ હમારા દીનના ઊસૂલ અને તરીકએ ઈબાદતથી નાવાકિફ અને જાહિલ થાતી ગઈ. ઝરૂરી કિતાબો ઘરોમાંથી ઓછી થાતી ગઈ અને આલિમોને મઝહબી બહેસ કરવાથી, અકીદા-રસ્મોને ઈઝહાર કરવાથી રોકવામાં આવા.

શહાદતે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) બાદ બનૂ ઊમય્યહના ઝોરથી શામના મુલ્કમાં જે ફિરકાઓ વુજૂદમાં આવા, ઝાહિર થયા તેઓ હમારી શીઈયતના કટ્ટર દુશ્મન બની ગયા હતા. આ લોગો તરફથી હમને ગહરૂં નુકસાન પહોંચું. ઝુલ્મ, ડર, કત્લની સાઝિશોના વક્તમાં ઘણા કમ્ઝોર-અકીદાના હમારા લોગો શીઈયત છોડીને હમારાથી અલગ થઈ ગયા. જે હક્કના મુમેનીન હમારા દીન પર બાકી રહ્યા તેઓને દુશ્મનો કત્લ કરવા તકની જુર્રત પર આવી ગયા. આ દુશ્મનો હક્કના મઝહબની એક-એક નિશાનીને મિટાવવા પાછલ લાગી ગયા. ખાસ કરીને કિતાબોના ખઝાનાઓને લૂંટીને તેમાં કલમબંધ કરવામાં આવેલા હક્કના ઊલૂમ પર પડદા પાડી દીધા. **ઇસ્લામના ઝાહિરી દુશ્મનો કરતા અંદરના લોગોએ હમને ઝિયાદહ નુકસાન પહોંચાવું.** જે લોગોની નસલોમાં હમેં મદદની ઊમ્મીદ રાખતા હતા, તે જ લોગોમાં ઈમાન ખોખલું થઈ ગયું અને તેઓના આઅમાલ-અકીદાઓમાં ફસાદ પૈદા થઈ ગયો.

ફસાદદાર લોગો પોતાના ફિક્રો ખયાલ મુજબ અલગ-અલગ ફિરકાઓમાં તકસીમ થઈ ગયા. તેમાંથી હમેં ચંદ ફિરકાઓની ઝિક્ર કરીએ છીએ કે, જે મઝહબે અહલુલ બૈત (અ.સ.) ની તાઅલીમતથી દૂર થઈ ગયા. જેમ કે, (૧) સાધ્દીયહ (૨) ઝહબીયહ (૩) હાકિમીયહ (૪) દરૂઝીયહ (૫) મોહસબીયહ (૬) જલીલીયહ (૭) નુસૈરીયહ (૮) તાઅલીમીયહ વગૈરહ. આ તમામ ફિરકાઓ તે હદ તક ભટકાઈ ગયા કે, કોઈ ઓછી તો કોઈ ઝિયાદહ તૌર-તરીકાથી અહલે હુનૂદની મુજબ ખુદાના અવતાર અને જિસ્માનીયતના અકીદામાં માનતા થઈ ગયા અને તેઓના ઝમાનાના સરદાર-રઈસોને ખુદા બનાવી દીધા.

દુશ્મનોના બેહદ ઝુલ્મો સિતમ અને જૌરો જફાના સબબ અહલે ઈમાન અને હક્કના મુમેનીન ગુમ્નામીની ઝિંદગી ગુઝારવા લાગા. ખૌફનાક ઝિંદગીના માહૌલમાં જે વક્ત જાનની સલામતી ના હોય, તો પછી બીજી ચીઝો તરફ નિગાહ કરવી ઘણું મુશ્કિલ હતું. આ પુરખતર વક્તમાં મુમેનીનના નઝદીક કોઈ કિતાબ બાકી ના રહી. **મઝહબી અને ઇલ્મી સરગરમી દોઆતના ખુસૂસી હુદૂદના દરમિયાન મહેદૂદ હતી.** તો હમેં એમ સમઝી લીધું કે, હમારા બુઝુર્ગો યા દોઆત હમારી હિદાયત વાસ્તે કોઈ ઈલ્મી સરમાયો મુકીને નથી ગયા યા કોઈ કિતાબો લખીને નથી ગયા.

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**ઝઘડો કરવાથી..... અકલ પર પડદા પડી જાય છે.**

(પેજ નં. ૫ નું બાકી)

હમારા બુઝુર્ગોની આ નાયાબ દૈન બલંદપાયા કિતાબો બાકી રહી હોત અને દુશ્મનોના બદ ઈરાદા તેને મિટાવવા વાસ્તે ના થયા હોત તો આજે જે ઈલ્મી પસ્તી અને હક્કશનાસીની વીરાની દરપૈશ થઈ રહી છે અને બેઅદબી હર જગા નઝર આવી રહી છે અને બદ્દીની નો લોગો શિકાર બની રહ્યા છે, તે ના થાત. આનો નતીજા એ થયો કે, લોગો સહી તૌહીદની માઅરેફતથી હટી ગયા છે. લોગોની ઈબાદત અને શરીઅતને માનવાની હાલત એવી થઈ છે કે, કોઈ અમલ તેના મરકઝ અને અસ્લીયત પર કાઈમ નથી. હિદાયતની રાહ પર ના ચાલવાના સબબ હર તરહની બિદઅતો પૈદા થઈ છે. લોગો આ બિદઅતોને પોતાનો ફખર માને છે, કેમકે, તેઓએ જાહિલોને આલિમ અને અહમકોને દીનના પરસ્તાર માની લીધા છે.

**અકીદો - ૩૯ : ઇન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નું ખામોશ રહેવું, ગોશા-નશીની ઇખ્તિયાર કરવી અને તે બાદ ઝાહિરી ખિલાફતને હાસિલ કરવી.**

હમારો આ પુખ્તા અકીદો છે કે, મૌલા અલી કોઈ મજબૂરી, આજિઝી યા કમ્ઝોરીની બિના પર ખિલાફત હાસિલ કરવાથી દૂર નથી રહ્યા યા આપ બિલા સબબ બેસી નથી રહ્યા. મગર, આના વાસ્તે નબી સાહેબે આપને ખબર કીધી હતી કે, “અય અલી ! આ જહાનમાં મારી આઁખ બંધ થાશે કે દુશ્મનો આપના ઉપર હાવી થઈ જાશે. તેઓની ખુદ-મુખ્તાર સલ્તનત ઈસ્લામી શહેરોમાં ગાલિબ થઈ જાશે. ફિત્નાના આવા વક્તમાં જો આપ સરદારે મિલ્લત બનીને મિમ્બરો મસ્નદ પર બેસશો તો મુસલમાનો જેઓ ઈસ્લામના અહકામને તેની અસ્લી માઅનામાં સમઝા નથી, તેઓ **બુતપરસ્તી તરફ વલી જાશે અને ઇસ્લામ તબાહીની તરફ ધકેલાઇ જાશે.**” નબી સાહેબના આ હિકમત-ભરા કલામના સબબ આપ ખામોશ રહ્યા અને ફિત્ના-ફસાદનો ખૌફનો માહૌલ બરપા થયો.

આ સિવાય આપને પૈશ આવવાવાલા દીગર વાકેઆતની ખબર હતી અને રસૂલુલ્લાહ બાવાજીનો આ કૌલ કે, “અય અલી ! મારા બાદ મારી ઉમ્મતમાં એક વહેશતનાક બિના પૈશ આવશે. આ બિનાને ઊભી કરનાર લોગો જો પોતાની ખુશીથી એક રાય પર જમાઅ થાય અને આપને હાકિમ અને વાલી બનાવી દે તો આપ કુબૂલ કરી લેજો. ઉમ્મતના ઊમૂરને સંભાલી લેજો. જો આ બિના આપના ખિલાફ જાય અને એ લોગો આપની સરદારી-વલાયતમાં ઈખ્તેલાફ કરે અને આપના ગૈરને પસંદ કરીને માનવા લાગે તો તેઓને એના હાલ પર છોડી દેજો. અલ્લાહતઆલા ઝરૂર આપના વાસ્તે કોઈ રસ્તો નિકાલી આપશે.”

ખિલાફત પર રહીને આપના ઝિદના લોગોએ ઉમ્મતને ચલાવી તે દૌરાન આપ ખામૌશ રહ્યા અને આપની વસાયતની ઝિમ્મેદારી બાખૂબી નિભાવતા રહ્યા. પણ જે વક્ત આપનો વારો આવો અને આપના સિવાય લોગો પાસે કોઈ બીજો ચારો બાકી ના રહ્યો તો લોગો મજબૂર થઈ ગયા અને આપને તખ્તે ખિલાફત સિપુર્દ કરી દીધું. આમ લોગોએ આપને ચોથા ખલીફા તસ્લીમ કરી લીધા. રસૂલુલ્લાહ બાવાજીના ઈન્તેકાલથી લઈને આપના ખલીફા બનવા તક જેટલી દુશ્મની ઔજ પર ચઢી હતી, તેને ખિલાફ આપે કોઈની દરકાર કે પરવાહ કીધા બગૈર, આપના હક્કના સામે ઉમ્મતમાંથી જેટલા **બાગી, તાગી અને ગલબો** કરનાર હતા, તે બાતિલ-પરસ્ત તાકતોને પસ્ત કરવા, આપે પૂરા જોશથી જૌહરે ઝુલફિકારીથી મુકાબેલો કીધો.

આપે આપના વક્તે ખિલાફતમાં જમલ, સિફ્ફીન અને નહેરવાનની જંગોમાં હૈદરી જૌહરને ચમકાવા અને આપના રૂહાની દરજાને ઝાહિર કીધો. જે તરહ નબી સાહેબે પૈશગોઈ કીધી હતી કે, “અય અલી ! તમેં નાકેસીન (અહદો-વફાને તોડનારાઓ), કાસેતીન (હક્કના સાહેબ પર વાર કરીને રાહે રાસ્તને છોડનારાઓ) અને મારેકીનથી (ખારજીઓ, હક્કના સાહેબની વલાયત છોડીને ફિત્નો બરપા કરનારાઓ) જેહાદ કરશો, તે ચીઝ સાબિત થઈ.”

(બકીયાહ પેજ નં. ૭ પર)

**ઝઘડો કરવાથી..... રિઝકમાંથી બરકત ચાલી જાય છે.**

(પેજ નં. ૬ નું બાકી)

આ ત્રણે ગિરોહના લોગો નબી સાહેબની ઉમ્મત સિવાય બીજા ગૈર ન્હોતા, પણ તેઓએ આપ વસીએ રસૂલની નાફરમાની કીધી, તે સબબ આપે તખ્તે ખિલાફત પર આવીને તમામને ઝૈર કીધા અને ફિત્ના-ફસાદ ફેલાવનારા ઘણા મુનાફેકીન-મુખાલેફીનને મૌતનો મઝા ચખાવો.

નબી સાહેબના ઈન્તેકાલ પુરમલાલ બાદ ઉમ્મતમાં તફરેકો પડો, ઈખ્તેલાફ પૈદા થયો અને અહલુલ બૈત (અ.સ.) વાસ્તે દિલોમાં જે પહેલાથી નિફાક-દુશ્મની છુપાયેલી હતી, તે ઝાહિર થઇ ગઇ. **મુનાફેકીન તેઓના અસ્લી રંગમાં આવી ગયા.** મૌલા અલીએ કૂફામાં ખુત્બો પઢો અને લોગોને મુઆવીયહના સાથીદારો યાઅની કે અહલે શામને ખિલાફ જેહાદ કરવા વાસ્તે આમાદહ કીધા. તે મજલિસમાંથી અશઅસ બિન કૈસ ઉઠો અને આપના કલામનો એતેરાઝ કરવા લાગો અને બદકલામી કરી કહેવા લાગો કે, "અય અલી ! મૈં જોઇ રહ્યો છું કે, આપ ઘણી મરતબા આપની મઝલૂમીયતની દાસ્તાન સંભલાવી રહ્યા છો અને આ ઝિક્ર કરી રહ્યા છો કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપના ઉપર હમેશા ઝુલ્મ થાતો રહ્યો. તો, આપને કઈ વાતે આપની ઝુલફિકાર ખેંચીને આપનો હક્ક તલબ કરવા વાસ્તે રોકા ! આ મુજબનો ઝુલ્મ આપ શું કામ બરદાશ્ત કરતા રહ્યા ?"

આપ મૌલાએ જવાબમાં ફરમાવું કે, "અય અશઅસ ! મને તે વાતને રોકો કે, જેએ મારા ભાઈ હારૂનને રોકા હતા. મૌ.મૂસા કલીમુલ્લાહએ મીકાત-જાએ ઈબાદત પર જાતી વક્ત પોતાની જગા પર પોતાના ખલીફા મુકર્રર કીધા હતા. પણ બની ઈસ્રાઈલે મૌ.હારૂનની તાઅત ના કીધી અને **સામરીએ બનાવેલા બુતની બુતપરસ્તી શુરૂ કરી દીધી.** મૌ. હારૂને તેઓને ખૂબ સમઝાવા, પણ ના માના. બિલ-આખિર આપ ચુપ થઇ ગયા. મૌ.મૂસા મીકાતે ઈબાદતથી જે વક્ત પાછા પધારા તો લોગોની આ હૈરતનાક હાલત જોઇને પૂછું કે, "અય હારૂન ! આ શું હું જોઇ રહ્યો છું ? આપે તેઓને આ અમલે બદ વાસ્તે સઝા કેમ ના કીધી ?" તો મૌ.હારૂને અરઝ કીધી કે, "મને ખૌફ થયો કે, આપ કહેશો કે, તમેં બની ઈસ્રાઈમાં તફરેકો પૈદા કીધો અને મારા કહેવા પર ના ચાલા." "અય! અશઅસ મૌ.મુસા એ જે નસીહત કીધી હતી તે આ હતી કે, તમેં અય હારૂન ! મારી કૌમ માં મારા ખલીફા બનો. લોગોમાં ઈસ્લાહ કરો અને ફસાદ કરનારના રસ્તાને ઈખ્તેયાર ના કરો."

બસ ! આ જ તરહ મારા ભાઈ રસૂલુલ્લાહ બાવાજી એ મને હારૂન ની મિસાલ પર કાઈમ કરીને ફરમાવુ કે, મારા ઈન્તેકાલ બાદ જો લોગો તમને કોઈ લડાઈ-ઝઘડા યા ફસાદ કીધા બગૈર ઉમ્મતના વાલી અને હાકીમ બનાવી લે તો ખૈર ! આ જ અપની મુરાદ છે અને બહેતરી છે. પણ જો તેઓ ઈખ્તેલાફ કરવા પર આમાદહ થાય અને મારા વારિસ અને મારા વાલી ને ના માને, તો તમેં ખામોશ થઈ જાજો, અપનું ખૂન સાચવજો, **ઘરનો કોનો ઈખ્તિયાર કરજો અને મારી ઉમ્મતમાં તફરેકો પૈદા ના કરજો.**" તેથી અય અશઅસ ! મને પણ આ ખૌફ રહ્યો છે કે, મારા ભાઈ રસૂલુલ્લાહ બાવાજી મને એમ શિકાયત ના કરે કે, તમેં ઉમ્મતમાં તફરેકો પૈદા કીધો અને મારા કૌલ પર અમલ ના કીધો. તેથી જ મેં કોઈ પણ કદમ લેવાથી રૂકો અને કઈ કીધું નહીં. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

લાવવાના સાથે પોતાના રસૂલ અને અમરના સાહેબ પર ઈમાન લાવવું જોડી દીધું. શરીઅતને નાઝિલ કરનાર, શરીઅતને લોગોમાં મુકનાર અને શરીઅતને બરાબર સમઝાવીને લોગોમાં સાચવનાર, આ ત્રણ જણાની ઈતાઅત મુત્તકી ઉપર ફરઝ કરી દેવામાં આવી. આ સાથે એના પર ઈમાનના આખિરી રૂક્ન-અમલ કરવાની પાબંદી પણ જોડી દેવામાં આવી. મુત્તકી શખ્સની તાઅરીફ અને શનાખ્ત આપવામાં આવે તો એ આ તરહ હોય કે, મુત્તકી શખ્સ બાતિલ-જૂઠથી પોતાનું મૂઁહ ફિરાવીને હક્કનું ઇલ્મ હાસિલ કરે, ઇલ્મ મુજબ અમલ કરતો રહે અને હર વક્ત અલ્લાહતઆલાના અઝાબ-સઝાથી ડરતો રહે. ✯

**ઝઘડો કરવાથી..... નાહક્ક ઝુલ્મ થાવાનો ડર રહે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) કુરઆને કરીમમાં જે મુજબ માઁ મરિયમની સૂરત છે અને તે બૈરોના નામથી છે, તે મુજબ એક બીજી સૂરત જે બૈરોથી જ નામઝદ છે.(૨)

૨) રોઝે કેયામત, અલ્લાહતઆલા તેના બંદાઓના હર અમલને તરાઝૂમાં મુકશે. તરાઝૂને અરબીમાં શું કહે છે.(૩)

૩) ત્રણ ચીઝોને કે જેના ઉપર અમલ કરવામાં તાખીર ના કરવી જોઇએ. ફરઝ, મરઝ અને ------. (૩)

૭) મનથી ચાહનાર શખ્સ જ બીજાને ----- અને ઇઝ્ઝત આપી શકશે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) -----, એક પાકીઝા અને પુખ્તા વાઅદો છે કે, જેને હક્કના સાહેબ સિવાય બીજાને ના આપી શકાય, ઇબ્લીસ પહેલો હતો કે જેને આ વાઅદાને તોડો.(૩)

૪) ઇમાનને ----- રાખવા ઇતાઅતે દાઇના પાનીની ઝરૂરત પડે છે. (૨)

૫) જે ચીઝમાં ----- ના હોય તેમાં વક્તને ઝાયેઅ કરવો, બેવકૂફી છે. (૨)

૬) મૌ. ઇમામ હુસૈન (અ.સ.) એ મૈદાને કરબલામાં તમામને ----- પઢાવી, મગર આજ લોગો આપના કાતિલ થયા.(૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | બા | | |
| | અ | ઝ | હા | |
| બા | કી | X | રૂ | ખ |
| | લ | બ | ન | |
| | | ધા | | |

**નોંધ :** કારેઇનને ઇલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ કાઅદતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઇલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહઃ** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✩

## જન્નતી

એક દીવાલ પર ફક્ત શો-દેખાવ ને ખાતિર અજીબ તરીકાથી ત્રણ પરિંદાઓને ગોઠવવામાં આવા હતા. તેમાંથી એક પરિંદુ સૌથી આગલ તૈઝીથી ઉડી રહ્યું હતું અને બીજું તે પહેલા પરિંદાને પાછલ-પાછલ ઉડી રહ્યું હતું. તે પહેલા પરિંદાને પકડવાને વાસ્તે તીસરૂં પરિંદુ બીજા પરિંદાને પાછલ ઉડી રહ્યું હતું. આ તરહનો મંઝર ફક્ત શો વાસ્તે હતો. મગર બીજા નઝરીયાથી જોવામાં આવે અને હિકમતની આઁખથી નઝર કરવામાં આવે તો એક ગહેરી ભેદની વાત તે પરિંદાઓના આ મુજબના ઉડવામાં છુપાયેલી છે.

પહેલું પરિંદુ તારિકે દુનિયા છે યાઅની દુનિયાને છોડનાર, બીજું પરિંદુ પોતે દુનિયા છે અને તીસરૂં પરિંદુ તાલિબે દુનિયા છે યાઅની દુનિયાનો તલબગાર, દુનિયા પરસ્ત છે. તારિકે દુનિયા, દુનિયાને લાત મારીને તેના ધોકાના (બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ઝઘડો કરવાથી..... દિલમાં બેચૈની પૈદા થાય છે.**

## દિલ કે ઈન ટુકડો - સલામ

આકે મક્તલ મેં સફે માતમ બિછાલો યા અલી,
લાશ પર દિલબંદ કી આંસૂ બહાલો યા અલી.
ઝૂક ચુકે રહેવાર સે ઝખ્મે સિના ખાકે હુસૈન,
રાકિબે દોશે પયમ્બર કો સંભાલો યા અલી.
હો ચુકે હૈં હાથ શાને સે જુદા અબ્બાસ કે,
તુમ અલમ અપને દિલાવર કા ઉઠાલો યા અલી.
હો રહા હે લાશા હમશિકલે પયમ્બર પાયમાલ,
લાશે કો ઘોડોં કે તાપો સે બચાલો યા અલી.
ઝાલિમોં કે ઝુલ્મ કા અસગર નિશાના બન ચૂકા,
હુરમલા કા તીર ગરદન સે નિકાલો યા અલી.
પ્યાસ મેં હો કે ખફા દુનિયા સે અસગર સો ગએ,
આબે કૌસર દે કે રૂઠો કો મનાલો યા અલી.
કરબલા મેં હો ગયા બરબાદ ઝહરા કા ચમન,
નરગિસે બીમાર કો આ કર બચાલો યા અલી.
પત્તીયાં એક ફૂલ કી બિખરી હે તપ્તી રેત પર,
દિલ કે ઈન ટુકડો કો ચૂન-ચૂન કે ઉઠા લો યા અલી.
રાત જંગલ કી અંધેરી નૌહા ખ્વાં કોઈ નહીં,
શમ્અ લાશો કે સિરાહને અબ જલા લો યા અલી.
કૌન અબ બાલી સકીના કા હે જુઝ ઝાતે ખુદા,
બઢકે બચ્ચી કો કલેજે સે લગા લો યા અલી.
હે રસન મેં દસ્તો બાઝૂએ હરમ જકડે હુએ,
તુમ યદુલ્લાહ હો શિકંજે સે છુડાલો યા અલી.
ઝયનબો કુલસૂમ બેપરદા ચલી હે સૂએ શામ,
ચાદરે તત્હીર ઉનકે સર ઉઢા લો યા અલી.
ખોલ કર દિલ રોએ ઝાકિર રોઝએ અકદસ કે પાસ,
મહેરબાઁ હો કર નજફ એક દિન બુલા લો યા અલી. ✮

## સૈ. હાતિમ મોહીયુદ્દીન સાહેબ (આ.કુ.)

**ઉર્સ મુબારક : ૧૬ મોહર્રમ**

હાતિમ તેરે દરબાર મેં જો આકે ખડા હો,
ઉમ્મીદ કા ગુંચા ખિલે મહેફઝે બલા હો.
હે આસ્તાં તેરા હે બના ફઝલ કા મસ્કન,
તાખીર ઝરા સી ન હો મકબૂલ દોઆ હો.
હાતિમ કે નામ મેં હે ક્યા તાસીર બહુત ખૂબ,
જો પૈશ કી અરઝી વો હી મન્ઝૂરે ખુદા હો.
હલ્લાલે મુશ્કિલાત હો હે "હા" સે આશ્કાર,
અહેસાન કે "અલિફ" સે તુમ એઅજાઝનુમા હો.
"તા" સે તુમ્હારે મિટતી હે તકલીફ, અય હાતિમ,
તકદીર સઁવર જાને કી ઉમ્મીદ સદા હો.
તુમ કરતે હો મદદ યે હે અબ "મીમ" સે ઝાહીર
મહરૂમોં કો દર સે તેરે મકસૂદ અતા હો.
હાસિલ કિયા હક્ક સે વો હકીકત કે મઆલિમ,
તુમ ઝાકિરે મઝલૂમો અમીરુશ શોહદાઅ હો.
ઈમાન કી શાહી હે તુમ્હારી વલા કે સાથ,
હર અહલે વલા હિકમતો પે તેરે ફિદા હો.
તસ્લીમો રઝા દર કી તેરી કરતી હે ખિદમત,
તુમ નાઈબે તૈયેબ હો હિદાયત કે શહા હો.
મશહદ હે ખઝાના તેરા ફૈયાઝો કરમ કા,
મોહતાજો તવંગર કી મોહીયુદ્દીન અસા હો.
તુમ વો હે કે એક કતરે કે તાલિબ કો દો દરિયા,
મુઝ કો ભી અય હાતિમ તેરી જાનિબ સે અતા હો.
તુમ વો કે મોહલિક ભી મરઝ કરતે હો ઝાઈલ,
બીમાર હું મૈં મુઝકો ભી અય મૌલા શિફા હો.
તુમ વો હો કે ગુમ્રાહ કો રસ્તે સે લગા દો,
મુઝકો દિખા દો રાહ કે તુમ રાહનુમા હો.
તુમ વો હો કે ગિરતા હુવા જો હો સંભાલ લો,
હાજિતરાવા, મુશ્કિલકુશા હો, ઉકદાકુશા હો. ✮

**ઝઘડો કરવાથી..... ઝહેની કરાર ચાલો જાય છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત -૩

### કિતાબ : તન્બીહુલ ગાફેલીન

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના મોહિબ્બ-મુમિન મુફઝઝલ નો કિસ્સો અહવાઝ શહેરના વાલી સાથેનો છે કે, જે આપ મૌલાના ખાસ રૂકઆના સબબ વાલી, મુફઝઝલનું દેવું મુઆફ કરી દે છે. તે પછી આપ મૌલાના અહેસાનાતને યાદ કરીને વાલી ખાદિમો સાથે પોતાના માલની પેટીઓ મંગાવે છે. તેમાં જે ચીઝો હોય છે, તેનું અડધોઅડધ કરીને મુફઝઝલને આપે છે. પછી મુફઝઝલ કહે છે કે, "યહાઁ પર વાત પૂરી થાતી નથી. મગર વાલી પોતાના મશ્હૂર-તગડા ઘોડાઓ મંગાવે છે. મને તે ઘોડાઓને નઝદીક લઈ જાય છે. મને પૂછે કે, બોલો ! તમારી ખુશી કઈ ચીઝમાં છે ? મૈં કહ્યું કે, જે તમેં ચાહો ! તે બાદ વાલી એક-એક ઘોડાની લુગામ પકડે છે. **એક મને આપે છે અને એક પોતે રાખે છે.**"

મને પૂછે છે કે, અય ભાઈ ! મૌલાની કસમ ખાઈને કહો કે, તમેં ખુશ થયા કે નહીં ? મારા ચહેરાની ખુશી વાલીએ પઢી લીધી હતી. મૈં હજી કઈ સોચી શકું તે પહેલા, વાલી મને કહે છે કે, "હજી હું મારા મૌલાની ખુશીનો તલબગાર છું. આ દુનિયાની ચીઝોથી હું મારા મૌલાનું અહેસાન ઉતારી શકતો નથી. **મારા મૌલાની નઝરે લતાફત તે ખુદાતઆલાની રહેમત મુજબ છે.**" તે બાદ વાલીએ પોતાના તમામ ગુલામોને બોલાવા અને સફ-બ-સફ ઊભા કરી દીધા. આટલા બધા ગુલામોને એક સાથે જોઈને હું હૈરાનીમાં પડી ગયો. પછી વાલી મને કહે છે કે, "અય ભાઈ ! આ તમામમાંથી તમેં જે ચાહો તે ગુલામ ને ઈખ્તેયાર કરી શકો છો, તે એ રીતે કે અડધા ગુલામ તમેં લઈ લો અને અડધા મારા વાસ્તે રાખો."

વાલીની ઈમામે હક્ક તરફની રઝામંદી અને અકીદતમંદીનો પૈમાનો કઈ અલગ જ હતો. જે ચીઝ મારા ખાતિરમાં ન હતી તે હું મારા નઝર સામે બનતી જોઈ રહ્યો હતો. વાલી મને ખિતાબ કરે છે કે, "અય ભાઈ ! **મારી જાન અને મારો માલ મારા મૌલાનો જ છે.** દુનિમાંથી મારી મૌત બાદ મને મૌલાની વલાયત જ આખેરતની અસલી ઝિંદગી આપશે. મારા મૌલા જ મને તકવાનો લિબાસ પહેરાવનાર છે." પછી વાલીએ તરહ-તરહના ઉમ્દામાં ઉમ્દા પોતાના પોશાક મંગાવા અને મને કહ્યું કે, "આમાંથી તમારા લાઈક ક્યા લિબાસ છે તે તમેં લઈ લો." મૈં એક-એક કરીને લેવા લાગો અને જે વક્ત તેમાંથી અડધા લઈ લીધા તો મને કહ્યું કે, "**અય ભાઇ ! બસ કરો, અડધા પોશાક મારા વાસ્તે રહેવા દો.**"

આ તરહ પોતાની ઝાતી ચીઝો અને માલિકી માંથી મને બરાબર અડધો હિસ્સો આપીને વાલીએ મને પૂછ્યું કે, એય ભાઈ ! હવે બતાવો કે, શું તમેં ખુશ થયા કે નહીં ? મૈં ઘણી જ ઈન્કેસારીથી કહ્યું કે, "અય વાલીએ મુકર્રમ ! **મૌલાના કરમથી હું ઘણો જ ખુશ થયો છું.**" તે બાદ મૈં ત્યાંથી રૂખ્સત લીધી. જે વક્ત હજ્જના અય્યામ કરીબ થયા અને લોગો તે વાસ્તે કસ્દ કરવા લાગા, ઈરાદો કરવા લાગા તે વક્ત મારા દિલમાં વાત પૈદા થઈ કે, ખુદાનો કરમ હર વક્ત અહલે હજ્જ પર થાય કે, હું પણ હજ્જનો ઈરાદો કરૂં. ખુદા અને તેના રસૂલને જે ચીઝ ખૂબ પ્યારી છે, તેના ઉપર હું અમલ કરીશ અને વાલીના અહેસાનાતનો બદલો ઉતારીશ.

હું ઝરૂર મક્કા જઈશ અને ત્યાં કાઅબતુલ્લાહ નઝદીક **હરમમાં હું વાલી વાસ્તે ભલી દોઆઓ કરીશ.** પછી મારા મૌલા પાસે મદીના જઈશ. મૌલાને તમામ અખ્બારથી વાકિફ કરીશ અને વાલી વાસ્તે શુક્રગુઝારી અદા કરીશ અને મૌલાને વાલી વાસ્તે દોઆ કરવાની ખાસ અરઝ કરીશ. ✯

**ઝઘડો કરવાથી..... નિગાહ તંગ થઈ જાય છે.**

**ઝઘડો કરવાથી..... તઅલ્લુકાતમાં તિરાડ પડે છે.**

## મૌ. અબૂઝર (રિ.અ.) ના સવાલાત

મૌ. અબૂઝર (રિ.અ.) ફરમાવે છે કે, હું એક દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની મુલાકાત વાસ્તે ગયો. આપને મસ્જિદમાં એકલા બેસેલા જોઇને હું ઘણો ખુશ થયો કે, આજે તન્હાઇમાં હું તે તમામ ચીઝ મારા મૌલાને પૂછી લઉં જે મારા દિલમાં છે. અબૂઝર કઇ બોલે તે પહેલા નબી સાહેબે ફરમાવું કે, અય અબુઝર ! જેમ એક મુમિન બીજા મુમિનને મિલે છે તો સલામો તહીયત કરે છે, તેમ તમેં મસ્જિદમાં દાખિલ થયા તો તેના વાસ્તે પણ તહીયત ઝરૂરી છે. મેં પૂછ્યું કે, આ તહીયત શું છે ? આપે ફરમાવું કે, "તમેં ખૈર જગા ઉપર આ નમાઝ અદા કરો છો. તમેં યહાઁ એકલા નથી. પછી તમારા જેવી મખ્લૂક પણ યહાઁ નમાઝ પઢે છે. જેમ ઈમાનના હોવાથી એકબીજા મુમિનને સલામ કરવાનો સવાબ મિલે છે, તેમ હક્કના સાહેબ જે જગા હોય તે મસ્જિદમાં નમાઝ પઢવાનો સવાબ પણ એટલો જ મિલે છે.

મેં પૂછ્યું કે, યા રસૂલુલ્લાહ ! કયો **અમલ** અલ્લાહને ખૂબ પસંદ છે ? આપે ફરમાવું કે, તેના ઉપર કામિલ ઈમાન લાવવું અને તેની રાહમાં તનતોડ મહેનત કરીને જેહાદ કરવી.

મેં સવાલ કીધો, કયા મુમેનીન **ઇમાનમાં** કામિલ કહેવાય ? આપે ફરમાવું કે, જે શખ્સ ઝાહિરમાં કે બાતિનમાં પોતાના અખ્લાકનો પાકીઝા હોય.

મેં પૂછ્યું કે, કયા મુમેનીન **ઇઝ્ઝતો ફઝલમાં** આઅલા છે ? આપે જવાબ ફરમાવો, તે શખ્સ કે જેની ઝિંદગીની રવિશ અલ્લાહનું દીન હોય અને જેના હાથ અને ઝબાનથી તેના ભાઈઓ સલામત રહે.

મેં પૂછ્યું કે, કઇ **હિજરત** બહેતર છે ? આપે ફરમાવું કે, ઝાલિમ હુકમરાન જે વક્ત જીવવાનો કોઇ તરીકો ના છોડે અને હાલાત એવા પૈશ આવે કે જાનને ખતરો હોય, દીનને બચાવવાનું હોય, તો એવા ખૌફનાક માહૌલમાં વતન છોડવું પડે, તો તે હિજરત બહેતર છે.

મેં પૂછ્યું કે, રાતનો કયો **વક્ત** અફઝલ છે ? આપે ફરમાવું કે, રાતનો દરમિયાની હિસ્સો જે વક્ત બીજી ખિલકત ઊંઘમાં ગરકાવ હોય. બંદો રાતના અંધારામાં પોતાની તન્હાઈમાં અલ્લાહથી મુનાજાત કરે, ઈલ્તેજા કરે.

મેં પૂછ્યું કે, કઇ **નમાઝ** અફઝલ છે ? આપે ફરમાવું કે, તમામ નમાઝ હામિલે સવાબ તો છે જ, પણ જે નમાઝમાં લંબો કુનૂત હોય તે અફઝલ છે. ફરઝોમાં, ફજરના ફરઝ સિવાય બીજી કોઇ નમાઝમાં કુનૂત નથી. લેહાઝા મુમિનને ફજરની નમાઝ કઝા ના કરવી જોઇએ.

મેં પૂછ્યું કે, કયો **સદકો** બહેતર છે ? આપે મને શિફા આપતા ફરમાવું કે, કોઇ શખ્સ ખૂબ જદ્દો જેહદ કરે અને રોઝી કમાઇ પછી તેની મુખ્તસર આવકથી પોતાની ઝાતી-ઘરેલું મુઆમેલાત પૂરા કરે અને જે કંઇ થોડું બચ્યું હોય અને કોઇ ફકીર તેના દર પર આવે કે, ફૌરન છુપી રીતે તેની મદદ કરે અને દોઆ ચાહે, તો આ સદકો બહેતર અને અફઝલ છે. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

ફંદામાંથી છુટીને નાસી રહ્યો છે અને દુનિયા તેને પકડવા ખાતિર તેને પાછલ પડેલી છે. દુનિયા ચાહે છે કે, તેને છોડનાર તેને સાથે જ લઈને જાય પણ તે દુનિયાની પરવાહ કરતો નથી અને તમામથી આખિર તે દુનિયાનો તલબગાર છે જે દુનિયાને પાછલ પડેલો છે મગર તેને દુનિયા હાસિલ થાતી નથી અને તે એ પણ જાણી શકતો નથી કે તારિકે દુનિયાને પાસે એવી તો કઇ હકીકત છે જેના સબબ તે દુનિયાની લઝ્ઝતોને ઠોકર મારી અને દુનિયાના હુસ્નો જમાલથી મૂઁહને મોડી નાસી રહ્યો છે ! ✯

**ઝઘડો કરવાથી..... લોગોની નિગાહમાં ખરાશ પૈદા થાય છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત - ૬

મૌલાના ઈમામ હુસૈન બિન મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત હું બીમાર થયો તો મારી મિઝાજપુરસી અને ઈયાદત વાસ્તે ઉમ્રો બિન હર્સ આવા. થોડા જ વક્તમાં બાવાજી સાહેબ મૌલા અલી પણ પધારા. આપે ફરમાવું કે, "અય ઉમ્રો! તમેં મારા દીકરા હુસૈનની તબીઅત પૂછવા ઈયાદત વાસ્તે આવા છો, હાલાંકે તમારા દિલમાં કઈ બીજી જ વાત છે. યાઅની કે તમારૂં દિલ બેકરાર છે, નારાઝગીની બિના છે, ખફગી છે. પણ તમારા દિલના હાલાત મને તમને નસીહત કરવાથી રોકી શકે એમ નથી."

"અય ઉમ્રો! મૈં મારા નબીએ અકરમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને એમ ફરમાવતા સાંભલા છે કે, કોઈ પણ બંદએ ખુદા જે ઈસ્લામના નૂરથી મુશર્રફ હોય અને એ બીમાર પડે, એની ખબર પૂછવા ઈયાદત કરવા કોઈ આવે, તો એ આવનાર શખ્સ ઉપર **૭૦ હઝાર ફરિશ્તા** સલવાતો સલામ પઢે છે. ઈયાદત કરનાર જે વક્ત બીમારના નઝદીક હોય અને તે દિનના વક્તમાં હોય તો જહાઁ તક સૂરજ ગુરૂબ થાય વહાઁ તક, અને જો તે રાતના વક્તમાં હોય તો જહાઁ તક સૂરજ તુલૂઅ થાય વહાઁ તક, મલાએકત સલામો સલવાત પઢે છે."

આ રિવાયતથી એમ ઝાહિર થાય છે કે, ઈયાદત-પુરસી અને તેનો સવાબ, દિલની નારાઝગી પર હાવી થઈ જાય છે. બીમાર સાથે જો કોઈ તરહની નાઈત્તેફાકી અને કડવાશ હોય, **તો તબીઅત-પુરસી દિલોની દૂરીને મિટાવી દે છે.** આ તરહની મુલાકાત મુઆફીનો સબબ બને છે. મગર મિઝાજપુરસી કરનારના દિલમાં ઈખ્લાસ અને દોઆએ શિફા હોવી જોઈએ. બીમારનો હાલ જોઈને જો તે ખુશ થાતો હોય, ગુમ્રાહકુન મશ્વરો આપતો હોય, ગીબત કરતો હોય, બનાવટી હમદર્દી જતાવતો હોય, ઈયાદત સિવાયના મકસદથી આવો હોય તો તે સવાબમાં નહીં મગર અઝાબમાં મુબ્તેલા થાય છે.

હાલમાં વક્ત એવો છે કે, મુમેનીન કોઈ બીજાની ઈયાદત કરવા જઈ શકતા નથી. કોરોના ઈન્ફેકશન થાવાનો ડર સતાવે છે. જેમ પહેલા મુમેનીનની બીજાના ઘર પર જાવાની આદત હતી, છુટછાટ હતી, આસાની હતી અને બેધડક ચાલા જાતા હતા, **તેમાં હવે બંદિશ આવી ગઈ છે.** ઘરવાલા-રિશ્તેદારો બીમાર હોય છે તો ઝાતી તૌરથી ઈયાદત વાસ્તે જવાતું નથી. મગર મુમેનીન આ દહેશતનાક વક્તમાં મેસેજ કે ફોન કરીને ખબર પૂછી શકે છે અને ઝાતી તૌરથી પૈશ થાવું હોય તો બધી ચીઝોનો ખયાલ રાખીને કરી શકે છે. અલ્લાહતઆલા એટલા જ સવાબનો એને હક્કદાર કરે છે. ✯

## ત્રણ કલામે મુફીદ

મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, જન્નતનો હક્કદાર છે તે શખ્સ કે જેનો ખાતેમો કલેમતુશશહાદત યાઅની "**લાઇલા ઇલલ્લાહ મોહંમદુન રસૂલુલ્લાહ અલીયુન વલીયુલ્લાહ**" પર થાય અને તે શખ્સ કે જે વક્ત તેના પાસે નેઅમત આવે તો કહે "**અલ્હમ્દો લિલ્લાહ**" અને તે શખ્સ કે જે સગીરા ગુનાહ કરે તો ફૌરન કહે "**અસ્તગફેરૂલ્લાહ**" અને તે શખ્સ કે જે મુસીબતમાં ગિરફતાર થાય તો કહે "**ઇન્ના લિલ્લાહે વ ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન**". જન્નતમાં આઅલા મકામ હાસિલ કરનાર તે શખ્સ પણ છે જે હમારી મોહબ્બત રાખે, હમારી હિદાયત મુજબ અમલ કરે, સહેલાય-યુસ્રતમાં શુક્ર કરે, સખ્તાઇ-ઉસ્રતમાં સબ્ર કરે અને અલ્લાહની કઝા-કદરથી રાઝી રહે અને આ જ તો ઈમાને સહી અનેઅમલે સાલેહ છે. હમારા સબબ મુમેનીનને સલવાત, રહેમત અને હિદાયતનો અજરો સવાબ મીલે છે; જો આ ત્રણે ચીઝો ફરિશ્તાઓને મીલે તો ખુશ ખુશ થઈ જાય. ✯

**ઝઘડો કરવાથી..... ઔલાદ પર બુરા અસરાત પડે છે.**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત -૩

સનમ-પરસ્તી યા ઈન્સાન-પરસ્તી (મૂર્તિપૂજા) મિસરી, તુર્કી અને અરબી લોગોની દૈન છે. નબી સાહેબ આ જહાનમાં હિદાયત લઈને પધારા તે પહેલાના જાહેલીયતના ઝમાનથી આ લોગો મખ્લૂક ને જ ખુદા માનવાના બદ અમલ પર સવાર હતા. તેઓ તરહ-તરહની ચીઝો, જાનદાર-બેજાન ને આકાર-શિક્લો સૂરત આપીને, તેને ખુદા માનીને પુરસ્તિશ કરતા હતા. એક ગુલામ એના આકા સામે જે તરહથી હાથ-પગ જોડીને સરને ઝુકાવે છે, તે મુજબ આ લોગો સરને ઝુકાવતા હતા. મૌ.આદમ (અ.સ.) અને મૌ.નૂહ (અ.સ.) ના ઝમાનમાં આ હમારી હિંદની ઝમીન બુત-પરસ્તીની નાપાકીથી ખાલી હતી. આકિલ-દાનિશ્વર અને હિકમત-તલબ કરનાર લોગો યહાઁ પર રહેતા હતા. વેપારી કાફલાઓ સાથે દરિયાના રસ્તાથી ઘણી કૌમોએ હિન્દુસ્તાનની ઝરખૈઝ ઝમીન માં રોઝગારી વાસ્તે પોતાનો હાથ આઝમાવો અને **આ ઝમીનની બરકતના સબબ અકસર લોગો કામિયાબ થયા.** લેહાઝા, ઝિયાદહ તાઅદાદમાં તિજારતી કાફલાઓએ હિન્દની સફર ઈખ્તિયાર કીધી અને વેપારના બહાનાને માતહત તેઓ પોતાના સાથે તેઓના મઝહબી રિવાજો, તહેવારો, લિબાસ, ઝબાન, પકવાનો, તહેઝીબ પણ લાવા. દરાઝ મુદ્દત તેઓનું યહાઁ પર મુકીમ રહેવાના સબબ, તેઓની અલાહેદા વસાહતો વુજૂદમાં આવી અને તે જગા પર તેઓના ઈબાદતખાના તાઅમીર થયા અને આહિસ્તા-આહિસ્તા હિન્દુસ્તાની લોગો સાથે રિશ્તેદારી કાઈમ થાવાના સબબ, યહાઁની તહેઝીબ-સંસ્કૃતિમાં પોતાના મઝહબ અને સમાજની હર ખૈર-ખૂબીને ખલત-મલત કરી દીધી. આ તરહ તેઓના નઝદીક એક અનોખો સમાજી નિઝામ કાઈમ થયો.

રસૂલુલ્લાહ બાવાજી મક્કાથી હિજરત ફરમાવીને મદીના પધારા, તે બાદ દૂરો દરાઝ મુલ્કો માંથી ઘણા વફદ-ગિરોહ-કાફલાઓ આપની મુલાકાત વાસ્તે પધારા અને આપે તેઓને હિદાયત-હિકમતના ઝૈવર-જૌહરથી નવાઝા અને મુઝય્યન કીધા. આ જ તરહ હિન્દુસ્તાનથી એક વફદ આપની મુલાકાત વાસ્તે આવું અને તેમાં રતન નામના એક હિન્દી રઈસને આપે હિન્દના અહલે ઈસ્લામના અખ્બાર પૂછા. આ સાથે આપે રતનને હિન્દના દાઈ બનાવીને, દીને ઈસ્લામના અરકાન-અહકામની તાલીમ આપી રવાના કીધા.

હિ.૧૦, હિજ્જતુલ વદાઅના દૌરાન આપ નબી સાહેબે હરમે કાઅબામાં રૂકને યમાનીને નઝદીક ઊભા રહીને અહલે હિન્દ વાસ્તે દોઆ ફરમાવી. કહ્યું કે, અય મારા સાથીઓ ! આપ મારા અસ્હાબ છો, મગર હિન્દુસ્તાન માં રહેનાર અને મને અલ્લાહના નબી માનનાર લોગો મારા ભાઈઓ છે. તમેં મને જોઈને ઈમાન લાવા છે, મગર તે મારા ભાઈઓ મને જાયા બગૈર **મારા દીનથી મુશર્રફ થયા છે,** મારી ઈતાઅત અને શરીઅત કુબૂલ કીધી છે.

આ તરહ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) જે વક્ત તખ્તે ખિલાફત પર જલ્વાઅફરોઝ થયા, તો આપે હિન્દ તરફ લશ્કરી ટુકડીઓને મોકલેલી છે. આ કિસ્સો દાઅવતે શરીફહના કિતાબોમાં મૌજૂદ છે કે, જેના મુતાબિક આપ જુનાગઢ જિલ્લાના ઉપરકોટ પહાડ પર મોઅજિઝતન ઝાહિર થયા છે અને તે વક્તના ઝાલિમ બાદશાહને શિકસ્ત આપી છે. મૌ.ઈમામ હુસૈન (અ.સ.) જે વક્ત કરબલામાં યઝીદી લશ્કરના ઝુલ્મમાં ગિરફતાર હતા, તે વક્ત આપની ઈમામતમાં અકીદો રાખનાર હિન્દથી એક વફદ-ગિરોહ આપની મદદ પર આવું છે અને આપને ઈમ્દાદો નુસ્રત કરવાની અરઝ કીધી છે.

તીસરા ફાતેમી ઈમામ મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ઝમાનમાં હિન્દના એક કાફલા સાથે કંકર નામના સાહેબ આપની મુલાકાત વાસ્તે આવા છે. એ આપના મુખ્લિસ શીઆ હોવાના સબબ, આપે એને હિન્દના અખ્બાર પૂછે છે. યાઅની કે, **હર ઇમામના ઝમાનમાં પૈગામે હક્ક લઇને આપના દોઆત યમન-સિંધ-હિન્દ તરફ પહોંચા છે** અને ત્યાંના અખ્બાર લઈને ફાતેમી ઈમામોની મુલાકાત કરવા આ દોઆત મિસિરમાં પધારેલા છે. જ્યાં જ્યાં આ દોઆત ગયા ત્યાં મુમેનીનના દિલોની સમર-આમદ ઝરખૈઝ ઝમીનને ઈમામે હક્કની માઅરેફતથી હરીભરી કીધેલી છે. અહલુલ બૈત (અ.સ.) ના હકીકી ઈલ્મની નહેરોથી આ પાક ઝમીનોમાં સરસબ્ઝો શાદાબ દરખ્ત બોયેલા છે. ✯

**ઝઘડો કરવાથી..... બદગુમાની વધી જાય છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### دنيا

الله تعالیٰ يه آ جهان ني خلقت ما نر انے ماده نے پيدا كيديلا چھے۔ ته پوتے واحد چھے تهنا سبب تهني مخلوق نے جوڑكا ما بناويلي چھے۔ دنيا مؤنث چھے، ماده چھے، انے تهنا سامنے تهنو جوڑ ته آخرت چھے۔ دنيا، ادنى انے كبرى نا وزن پر چھے۔ دنيا ني معنى حاضر حياة انے نزديک زندگي ني چھے۔ ته آخرت ني ضد، خلاف انے مقابل چھے۔ آ دنيا نو نام دنيا تهنا واسطے پڑيلو چھے؛ كيم كه ته همارا سي خوب قريب چھے۔

حديث نبوى ما بيان آويلو چھے كه، دنيا ٢ طرح ني چھے۔ ١۔ بلاغ ني دنيا انے ٢۔ لعنت ني دنيا۔ پهلي قسم بلاغ ني چھے يعني پهونچاڑناري، موكلناري، منزل مقصود طرف چلاوناري ته دنيا كه جهنا سي آخرت طرف آساني سي پهونچي جاوائي۔ بيجي قسم ملعون دنيا ني چھے جه پهلي قسم سي خلاف چھے۔ دنيا ما رهنارو شخص جو الله ني لعنت نو مستحق تهائي تو يه آخرة طرف هرگز نهيں پهونچي سكے۔

الله تعالیٰ قرآن كريم ما فرماوے چھے كه، انما الحياة الدنيا لعب ولهو وزينة وتفاخر بينكم وتكاثر فى الاموال والاولاد، يعني، دنيا ني زندگي رمتبازي چھے، انے كهيل چھے، انے زيب وزينت چھے، انے آپس ما فخر كهاؤو چھے، انے اموال۔دولت سي انے فرزندو ني كثرة۔ زيادتي سي ايک بيجا اوپر غلبة كرؤو چھے، انے آ طاقة هووا نا سبب بيجا نے پست سمجهؤو چھے۔ اْ فرمان الهي ما كل مهلكات باطنة سمائي جائي چھے۔ يعني كه، إنسان نے اندر سي هلاک كرناري چيزو آوي جائي چھے۔ جيم كه، كينه، ادكهائي، كهار كهاؤ، رياكاري ديكهاؤ كرؤ، نفاق۔زبان ميٹھي انے دل كڑؤو راكهؤو، دولت پر تكبري كروي، آپس ما ملكيت انے فرزندو نا سبب فخر مارؤ، دنيا ني چيزو سي محبت كروي، خودپسندي انے كهوٹي تعريف ني عادة راكهوي وغيرها۔

مولانا علي مشكلكشاً فرماوے چھے كه، دنيا ني محبت هر گناه نو اصل چھے، جڑ چھے۔ جه شخص اْ دنيا ني اصل انے بنياد نے سمجهي جاسے، يه اهنا حق موجب تهنا سي فائدة ليسے۔ جتلو جوئيتو هسے اتلو طلب كرسے۔ مصيبت تو ته وقت اوبهي تهائي چھے كه، كوئي شخص حق كرتا زياده حصة ني خواهش راكهے۔ حد كرتا زياده كوئي نے پاسے هوئي تو ته ضرور كوئي غير رسته سي آوي هسے انے تهوڑا وقت پچهي ته غير رسته سي پاچهي چالي جاسے۔ بيجا ني چيز خود نا پاسے ٹهہرتي نتهي انے خود ني چيز پن بيجا پاسے ٹهہرتي نتهي۔

قرآن كريم ما بيجي ايک اٰية ما فرمان إلٰهي چھے كه، زين للناس حب الشهوات من النساء والبنين، يعني كه، لوگو واسطے بئيرو انے فرزندو انے سونا انے چاندي نا كهڑكيلا ڈهگلاؤ انے پالتو گهوڑاؤ انے چوپگا لائق ذبيحة جانورو انے كهيتي ايم اْ تمام شهوتو ني محبت، اچهي انے زينتوالي بتاوواما آوي چھے۔ اے مهارا نبي محمد، تميں كهو كه اٰنا كرتا بهتر چيز هوں تمنے بتاؤ؟ تو جاني لو كه، جه متقين۔مؤمنين چھے يه سگلا نے واسطے تيؤنا رب نا نزديک جنتو چھے كه، جه نا چوطرف سي پاني ني نديو جاري چھے۔ تهما يه سگلا هميشه رهسے۔

دنيا نو مال ومتاع فنا تهانارو چھے انے ته بےقراري پيدا كرے چھے، مگر الله تعالیٰ نا نزديک بهترين رهواني جگه چھے كه جه باقي چھے انے سكون بخشناري چھے۔

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ઝઘડો કરવાથી..... ઈબાદતની ચમક ચાલી જાય છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

## દુનિયા

અલ્લાહતઆલાએ આ જહાનની ખિલ્કતમાં નર-માદાને પૈદા કીધેલા છે. તે પોતે વાહિદ છે તેના સબબ તેની મખ્લૂકને જોડકામાં બનાવેલી છે. દુનિયા મોઅન્નસ છે, માદા છે અને તેના સામે તેનું જોડ તે આખેરત છે. દુનિયા, અદના અને કુબરાના વઝન પર છે. દુનિયાની માઅના હાઝિર હયાત અને નઝદીક ઝિંદગીની છે. તે, આખેરતની ઝિદ્દ, ખિલાફ અને મુકાબિલ છે. આ દુનિયાનું નામ દુનિયા તેના વાસ્તે પડેલું છે, કેમકે તે હમારાથી ખૂબ કરીબ છે.

હદીસે નબવીમાં બયાન આવેલું છે કે, દુનિયા બે તરહની છે. (૧) બલાગની દુનિયા અને (૨) લાઅનતની દુનિયા. પહેલી કિસ્મ બલાગની છે, યાઅની પહોંચાડનારી, મોકલનારી, મંઝિલે મકસૂદ તરફ ચલાવનારી તે દુનિયા કે, જેનાથી આખેરત તરફ આસાનીથી પહોંચી શકાય. બીજી કિસ્મ મલઊન દુનિયાની છે, જે પહેલી કિસ્મથી ખિલાફ છે. દુનિયામાં રહેનારો શખ્સ જો અલ્લાહની લાઅનતનો મુસ્તહિક્ક થયો, તો એ આખેરત તરફ હરગિઝ નહીં પહોંચી શકે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **" ઇન્નમલ હયાતુદુનિયા લએબુન વ લહવુન વ ઝીનતુન વ તફાખોરૂન બયનકુમ વ તકાસુરૂન ફિલ અમ્વાલે વલ ઔલાદ "**, યાઅની, દુનિયાની ઝિંદગી રમતબાઝી છે અને ખેલ છે અને ઝૈબો ઝીનત છે અને આપસમાં ફખર ખાવું છે અને અમ્વાલ-દૌલતથી અને ફરઝંદોની કસરત-ઝિયાદતીથી એકબીજા ઉપર ગલબો કરવું છે અને આ તાકત હોવાના સબબ બીજાને પસ્ત સમઝવું છે. આ ફરમાને ઈલાહીમાં કુલ મોહલેકાતે બાતેનહ સમાઈ જાય છે. યાઅની કે, ઈન્સાનને અંદરથી હલાક કરનારી ચીઝો આવી જાય છે. કેમકે, કીનો, અદેખાઈ, ખાર ખાવો, રિયાકારી-દેખાવ કરવો, નિફાક-ઝબાન મીઠી અને દિલમાં કડવાશ હોવી, દૌલત પર તકબ્બુરી કરવી, આપસમાં મિલ્કીયત અને ફરઝંદોના સબબ ફખર મારવો, દુનિયાની ચીઝોથી મોહબ્બત કરવી, ખુદપસંદી અને ખોટી તાઅરીફની આદત વગૈરહ.

મૌ.અલી મુશ્કિલકુશા અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, દુનિયાની મોહબ્બત, હર ગુનાહનું અસલ છે, જડ છે. જે શખ્સ આ દુનિયાની અસલ અને બુનિયાદને સમઝી જાશે, એ એના હક્ક મુજબ જ તેનાથી ફાયદો લેશે. જેટલું જાઈતું હશે એટલું જ તલબ કરશે. મુસીબત તો તે વક્ત ઊભી થાય છે કે, કોઈ શખ્સ હક્ક કરતા ઝિયાદહ હિસ્સાની ખ્વાહિશ રાખે. હદ કરતા ઝિયાદહ કોઈના પાસે હોય, તો તે ઝરૂર કોઈ ગૈર-રસ્તાથી આવું હશે. થોડા વક્ત પછી તે ગૈર-રસ્તાથી પાછુ ચાલું જાશે. બીજાની ચીઝ ખુદના પાસે ઠહેરતી નથી અને ખુદની ચીઝ બીજા પાસે ઠહેરતી નથી.

કુરઆને કરીમમાં બીજી એક આયતમાં ફરમાને ઈલાહી છે કે, **"ઝૂય્યેના લિન્નાસે હુબ્બુશ્શહવાતે મિનન્નિસાએ વલ બનીના, "** યાઅની કે, લોગો વાસ્તે બૈરો અને ફરઝંદો અને સોના અને ચાંદીના ખડકેલા ઢગલાઓ અને પાલતું ઘોડાઓ અને ચોપગા લાઈકે ઝબીહત જાનવરો અને ખેતીની શહેવતોની મોહબ્બત, અચ્છી અને બહેતરીન ઝીનતવાલી બનાવવામાં આવી છે. અય મારા નબી મોહંમદ ! તમેં કહો કે આના કરતા બહેતર ચીઝ હું તમને બતાવ ? તો જાણી લો કે, જે મુત્તકીન-મુમેનીન છે એ સઘલાને વાસ્તે તેઓના રબના નઝદીક જન્નતો છે કે, જેના નીચે પાનીની નદીઓ જારી છે. તેમાં એ સઘલા હમેશા રહેશે.

દુનિયાનો માલો મતાઅ ફના થાનારો છે અને તે બેકરારી પૈદા કરે છે, મગર અલ્લાહતઆલાના નઝદીક બહેતરીન રહેવાની જગા છે કે જે બાકી છે અને સુકૂન બખ્શનારી છે. ☆

**ઝઘડો કરવાથી..... ગીબતમાં જોશ ભરાઈ જાય છે.**

## મજલિસે દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.)

વો ક્યા સમઝે જો બઝમે દાઈ મેં આયા નહીં કરતેં,
હકીકત મેં વો લુત્ફે ઝિંદગી પાયા નહીં કરતેં,
જો સમઝેં હૈં, સમઝતેં હૈં, સમઝને વાલે દાઈ કો,
કભી ભી વો સફે ઈબ્લીસ મેં જાયા નહીં કરતેં,
કે તુમ કરતેં રહો મિદહત હમેશા દાઈ કી ઝાકિર,
યે વો પૂંજી હે જિસકો ચોર લે જાયા નહીં કરતેં. ✯

## સાથ સાથ

ખુશનુમા હે રાહ હમારી, ભાઈ ચલ તું સાથ સાથ,
હે જમાઅત હમકો પ્યારી, ભાઈ ચલ તું સાથ સાથ,
મિલકે હમને હે સઁવારી, ભાઈ ચલ તું સાથ સાથ,
ઝિંદગી તન્હા હે ભારી, ભાઈ ચલ તું સાથ સાથ,
સાથ મિલકર યે જમાઅત કો બનાના હે હમેં,
દુશ્મનો કે બદ ઈરાદોં સે બચાના હે હમેં. ✯

## દોઆ

દોઆ માંગો કે છે યે ભી ઈબાદત,
દોઆઓમાં ન હરગીઝ કરજો ગફલત,
દોઆ કરવાથી ખુશ છે રબ્બે ઈઝઝત,
દોઆ સી ઉતરે છે ખાલીક ની રેહમત.
કરો તસબીહ રબ્બીગ ફીર ઝોનુબી.
દોઆ હથીયાર છે એહલે વફાના,
દોઆ ઝયવર છે હર એહલે સફાના,
દોઆ માં કામ છે આલે અબા ના,
દોઆ છે નકશ મરઝે લા દવા ના.
કરો તસબીહ રબ્બીગ ફીર ઝોનુબી. ✯

## ૫ દિવસો

ઝિંદગીના પાંચ દિનો ઈન્સાનને યાદ રાખવા જોઈએ અને તેની હકીકત યાદ રાખવી જોઈએ.

(૧) યૌમે મફકૂદ : ગઈકાલ : ભુલો પર અફસોસ ના કરીને તેનાથી ઈબ્રત લેવી.

(૨) યૌમે મશહૂદ : આજે : ઝિંદાદિલીથી હાલની ઝિંદગી જીવવી જોઈએ.

(૩) યૌમે મૌરુદ : આવતી કાલ : અલ્લાહ પર તવક્કુલ રાખીને ખૈરની ઉમ્મીદ રાખવી જોઈએ.

(૪) યૌમે મૌઊદ : મૌત : હક્ક છે અને કોઈ પણ વક્ત દસ્તક દેશે. તેના વાસ્તે તૈયાર રહેવું જોઈએ.

(૫) યૌમે મમ્દૂદ : કેયામત : આ યૌમ આખરી છે. હિસાબ-કિતાબનો દિવસ. ફેસલા નો દિન કે જે અપના આઅમાલ પર દારોમદાર રાખે છે. ✯

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.